Extra No. 346

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, SEPTEMBER 25, 2025 / ASVINA 3, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) બી અન્વયે.

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૧૦/૨૦૨૫.-મધ્ય ગુજરાતથી સૌરાષ્ટ્રને જોડતો મહીસાગર નદી ઉપરનો ગંભીરા પુલ તુટી જવાના પરીણામે મોટી દુર્ઘટના થવા પામેલ હોય તેથી અત્રેના જિલ્લામાં સલામતીના ધોરણોને ધ્યાને રાખી બોરીયાવી નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ ગરનાળા તેમજ બ્રિજનું નિરીક્ષણ કરવમાં આવેલ છે. જે અન્વયે બોરીયાવી નગરપાલિકામાં ક્ષત્રિય સમાજ પાસે આવેલ ગરનાળું તેમજ સરદાર પટેલ સ્કુલ પાસે આવેલ ગરનાળું ભારે વાહન માટે અવરજવર કરવા માટે પ્રતિબંધ કરવા જણાતું હોઈ તેમજ તે રસ્તા પરના ટ્રાફીકને નીચે મુજબ વૈકલ્પિક રસ્તો ઉપર ડાયવર્ટ કરવા અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા ચીફ ઓફિસરશ્રી, બોરીયાવી નગરપાલિકાનાઓએ તેમના પત્ર - ન.એન.પી./૨૭૨/૨૫-૨૬, તા.૧૪/૦૭/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ જે અન્વયે અત્રેથી જાહેરનામું પ્રસિધ્ધ કરેલ જેની મુદત પુર્ણ થતાં ચીફ ઓફિસરશ્રી, બોરીયાવી નગરપાલીકાએ તેમના પત્ર નં.એનપી/૬૭૧/૨૫-૨૬, તા.૧૯/૦૮/૨૦૨૫ થી સદર જાહેરનામાની મુદત ૧(એક) માસની મુદત વધારો કરી આપવા રજુઆત કરેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રૂટ ઉપર તા.૩૦/૦૮/૨૦૨૫ થી તા.૨૯/૦૯/૨૦૨૫ સુધી વાહનોને ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

(C) <u>વાહન વ્યહાર ઉપર પ્રતિબંધીત મુકવાના માર્ગ</u> :

૧. સરદાર પટેલ સ્કૂલ પાસે આવેલ ગરનાળા પરથી પસાર થતો તમામ વાહન વ્યવહાર

૨. ક્ષત્રીય સમાજ પાસે આવેલ ગરનાળા પરથી પસાર થતો તમામ વાહન વ્યવહાર

(B) <u>વાહન વ્યવ્હાર પસાર થવાના વૈકલ્પીક માર્ગ</u> :-

૧. સરદાર પટેલ સ્કૂલ પાસે આવેલ ગરનાળા પરથી પસાર થતો તમામ વાહન વ્યવહાર ગાતળ તળાવ પાસે આવેલ ગેટથી જયહિંદ સોસાયટી થઈ મગનભાઈ મોતીની ખરીથી ઓવરબ્રીજ થઈને સ્કુલ તરફથી પસાર થઈ શકશે.

૨. ક્ષત્રીય સમાજ પાસે આવેલ ગરનાળા પરથી પસાર થતો તમામ વાહન વ્યવહાર

- નેશનલ હાઈવે થી રાવડાપુરા થઈ તેમજ બોરીયાવી મુખ્ય ગેટથી દુધની ડેરી થઈ ખોડીયાર મંદિર તરફથી પસાર થઈ શકશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા ચીફ ઓફિસરશ્રી, બોરીયાવી નગરપાલિકા દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છું

મે આજરોજ તા. ૩૦/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો..

ઋતુરાજ દેસાઇ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયે.

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૧૧૧/૨૦૨૫.-આગામી દિવસોમાં તા.૦૬/૦૯/૨૦૨૫ના રોજ ગણેશ વિસર્જનનો તહેવાર ઉજવવમાં આનાર હોય, તેમજ અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧), ૩૭(૩) અન્વયે તા.૦૬/૦૯/૨૦૨૫ થી તા.૨૦/૦૯/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૦૨/૦૯/૨૦૨૫ ના પત્ર ક્રમાંક:એલઆઈબી /કા.વ્ય/જાહેરનામુ/૧૨૮૮/૨૦૨૫ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ સમગ્ર આણંદ જીલ્લામાં તા.૦૬/૦૯/૨૦૨૫ થી તા.૨૦/૦૯/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/ બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહી. ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : સમગ્ર આણંદ જીલ્લો.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ. રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ: આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજરોજ તા. ૦૩/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો..

ઋતુરાજ દેસાઇ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) અન્વયે

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૧૧૨/૨૦૨૫.-તા. ૦૫/૦૯/૨૦૨૫ ના રોજ ઈદ-એ-મિલાદ તહેવારની ઉજવણી થનાર હોય આ તહેવારમાં મુસ્લીમ બિરાદરો ધ્વારા ઝુલુસ કાઢવામાં આવનાર હોય, જે ઝુલુસ સામરખા ચોકડી તેમજ આજુબાજુની સોસાયટીઓ થઈ ઈસ્માઈલનગર થઈ સરદાર બાગ ચોકી થઈ કોમ્યુનીટી હોલ જતા હોય તેમજ ઝુલુસ ના દિવસે તા. ૦૫/૦૯/૨૦૨૫ ના સવારના ૦૮:૦૦ વાગ્યે ઝુલુસ કોમ્યુનીટી

હોલ થી નીકળી ગુજરાતી ચોક થઈ મહેન્દ્ર શાહ ચોકડી થઈ સરદાર બાગ ચોકી થઈ રોયલ પ્લાઝા થઈ પાણીની ટાંકી થઈ કોમ્યુનીટી હોલ ઓવરબ્રીજ સુધી જતાં હોય જે ઝુલુસ ૧૪:૦૦ વાગ્યા સુધી પુર્ણ થનાર હોય, જેથી ઝુલુસ દરમ્યાન નીચે જણાવેલ માર્ગો ઉપર વાહનોની અવર-જવર અટકાવવા તેમજ તે માર્ગો ઉપરનો વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૦૨/૦૯/૨૦૨૫ ના પત્ર ક્રમાંક:એલઆઈબી/ઈદ-એ-મિલાદ/ઝુલુસ/રોડ ડાયવર્ઝન/૧૨૯૯/૨૫થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) થી મળેલ સત્તાની રૂએ તા.૦૫/૦૯/૨૦૨૫ ના રોજ ૦૭:૦૦ થી ૧૫:૦૦ સુધી કોમ્યુનીટી હોલ થી નીકળી ગુજરાતી ચોક થઈ મહેન્દ્ર શાહ ચોકડી થઈ સરદાર બાગ ચોકી થઈ રોયલ પ્લાઝા થઈ પાણીની ટાંકી થઈ કોમ્યુનીટી હોલ ઓવરબ્રીજ પર પસાર થતાં વાહનો નીચે જણાવેલ વૈકલ્પીક માર્ગ પરથી પસાર થવા હુકમ કરું છું.

- ઉપરોક્ત જણાવેલ માર્ગો ઉપરનો વાહન વ્યવહાર બંધ કરી નીચે જણાવેલ માર્ગો ઉપર ડાયવર્ઝન આપવા :-

(૧) આણંદ નવા બસ સ્ટેન્ડ ગોયા તળાવ થી સામરખા ચોકડી તરફ જતાં વાહનો–આણંદ નવા બસ સ્ટેન્ડથી ગ્રીડ ચોકડી થઈ લોટીયા ભાગોળ ઓવરબ્રીજ થઈ ગણેશ ચોકડી ચીખોદરા ચોકડી થઈ સામરખા ચોકડી તરફ જઈ શકશે.

(૨) સામરખા ચોકડી થી આણંદ નવા બસ સ્ટેન્ડ તરફ પ્રવેશતા વાહનો સામરખા ચોકડી થી ચીખોદરા ચોકડી થઈ ગણેશ ચોકડી થઈ આણંદમાં પ્રવેશ કરી શકશે.

(૩) જુના દાદર થી ગુજરાતી ચોક, મહાવીર માર્ગ, મહેન્દ્ર શાહ હોસ્પીટલ તરફ જતાં વાહનો જુના દાદર થી લક્ષ્મી ચાર રસ્તા, પાયોનીયર હાઈસ્કૂલ તરફ થઈને જઈ શકશે.

-: અપવાદ :-

સરકારી વાહનો, એમ્બ્યુલન્સ વાન તથા ફાયરબ્રીગેડના વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

આ હુકમથી જે રસ્તાઓ બંધ કરવામાં આવેલા છે. તે સ્થળોએ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદે જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૩/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઇ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) અન્વયે

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૧૩/૨૫.-નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક, આણંદના પત્ર નં.મુ.મ/ટ્રાફીક/જાહેરનામા/૧૩૮૭/૨૦૨૫ તા.૨૯/૦૮/૨૦૨૫ થી મળેલ દરખાસ્ત મુજબ આણંદ શહેર તથા વિદ્યાનગર શહેર વિસ્તારમાં ટ્રાફિક સમસ્યાના નિવારણ અંગે ટ્રાફીકની સરળતા અને સુચારૂ ટ્રાફીક માટે નીચે મુજબના સ્થળો "નો પાર્કિંગ ઝોન", "વન-વે", "વાહન પાર્કીંગ", "ભારે વાહન પ્રવેશ બંધ" જાહેર કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક આણંદના ઉકત પત્રથી અત્રે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) થી મળેલ સત્તાની રૂએ તા.૦૩/૦૯/૨૦૨૫ થી ૦૧/૧૧/૨૦૨૫ (દિન-૬૦) સુધી નીચે જણાવેલ સ્થળો "નો પાર્કિંગ ઝોન", "વન-વે", "વાહન પાર્કીંગ", "ભારે વાહન પ્રવેશ બંધ" જાહેર કરવા હુકમ કરૂ છુ.

-:વાહનો પાર્કીંગ તથા એકી-બેકી પાર્કિંગ:-

(૧) ગુરૂદ્વારા સર્કલ થી ડી-માર્ટ, તુલસી ગરનાળા સુધી ફોર વ્હીલ વાહનો પાર્ક થઈ શકશે.

(૨) મોટી શાક માર્કેટ તરફના રોડ ઉપર ટુ-વ્હિલર પાર્ક થઈ શકશે. (નિયત સંખ્યામાં)

(૩) રેલ્વે સ્ટેશનનાં બહાર નિકળવાના ગેટ પાસે રીક્ષા પાર્ક થઈ શકશે. (નિયત સંખ્યામાં)

(૪) નવા બસ સ્ટેશનના ખુલ્લા ગેટની સામેના રોડ ઉપર વાહન પાર્ક થઈ શકશે. (નિયત સંખ્યામાં)

(૫) બેઠક મંદિરવાળા રોડના કોર્નરમાં રીક્ષા પાર્ક થઈ શકશે. (નિયત સંખ્યામાં)

(૬) નવા બસ સ્ટેશનના ગેટની સામેના ભાગે આવેલ સરદબાગની દિવાલને અડીને રીક્ષા પાર્ક થઈ શકશે. (નિયત સંખ્યામાં)

(૭) રેલ્વે ગોદી થી ગામડી વડ સુધી નો રોડ (એકી–બેકી પાર્કીંગ)

(૮) શાસ્ત્રી મેદાનથી એન. એસ. પટેલ સર્કલ સુધી (એકી–બેકી પાર્કીંગ)

-: નો પાર્કીંગ:-

(૧) ટુંકી ગલી સુપર માર્કેટના બન્ને તરફના રોડ કોઈપણ વાહન પાર્ક કરવા નહી. જે રોડ નો-પાર્કિંગ ઝોન જાહેર કરવો.

(૨) રેલ્વે સ્ટેશન જુના દાદર થી ૫૦ મીટર વિસ્તાર.

(૩) ગુજરાતી ચોક આસપાસ ૫૦ મીટર વિસ્તાર.

(૪) રેલ્વે ગોદીના દરવાજાની બહાર જિલ્લા ટ્રાફીક ચોકડીથી આણંદ રૂરલ પો.સ્ટે.ના ગેટ સુધીના રોડ ઉપર

(૫) રેલ્વે ગોદીની બહાર નિકળતા વીટકોસ બસ સ્ટેશન સુધી ૫૦ મીટર વિસ્તાર.

(૬) નવા બસ સ્ટેશનના બંન્ને દરવાજાની બહાર ૫૦ મીટર વિસ્તાર.

(૭) નગરપાલિકા સરકારી દવાખાના દરવાજાની બહારનો ૫૦ મીટર વિસ્તાર.

(૮) અમુલ ડેરી ખાતે આવેલ પાર્લરના આગળના ૫૦ મીટર વિસ્તારમાં ફોર વ્હીલ વાહન પાર્ક થઈ શકશે નહી.

(૯) મોટી શાક માર્કેટના દરવાજાની બહારના રોડ ઉપર ફોર વ્હીલ પાર્ક થઈ શકશે નહી.

-: ભારે વાહન પ્રવેશ બંધ:-

(૧) મહેન્દ્ર શાહ થી ગુજરાતી ચોક તરફથી શહેરમાં પ્રવેશના ભારે માલવાહક વાહનો

(૨) એન.એસ.સર્કલ થી લક્ષ્મી ચોકડી તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો

(૩) રઘુવિર સીટી સેન્ટર થી કોમ્યુનીટી હોલ તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો

(૪) દિપ સર્કલથી બેઠક મંદિર તથા કલ્પના સીનેમા તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો

(૫) નવા બસ સ્ટેન્ડ થી બેઠક મંદીર તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો

(૬) લોટીયા ભાગોળ સર્કલ થી ટાવર બજાર તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો

(૭) અમુલ ડેરી સર્કલથી રેલ્વે સ્ટેશન તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વહનો.

સમય:-

સવારના ૦૯:૦૦ થી રાત્રિના ૨૦:૦૦ કલાક સુધી.

અપવાદ :-

સરકારી વાહનો, એમ્બ્યુલન્સ વાન તથા ફાયબ્રીગેડના વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

આ હુકમથી જે સ્થળો નો પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવેલ છે તે સ્થળોએ બોર્ડ લગાવવાની કાર્યવાહી સંબંધિત નગરપાલિકાએ કરવાની રહેશે. જે સ્થળે વાહન પાર્ક કરવાના થાય તે પૈકી અ.નં. ૨ થી ૬ વાળા સ્થળોએ પાર્કીંગની નિયત સંખ્યા અને અ.નં.૭ થી ૮ વાળા સ્થળોએ એકી-બેકીમાં વાહન પાર્ક કરવા બાબતે સંબંધિત નગરપાલિકા દ્વારા પોલીસના પરામર્શમાં રહી નક્કી કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ -૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૦૩/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ - ૩૩ (૧) (બી) અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૧૪/૨૫.-તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ આણંદ આઝાદ મેદાનથી સવારના ૯:૦૦ કલાકે ગણેશ વિસર્જન શોભાયાત્રા નીકળનાર છે. આ શોભાયાત્રા આણંદ આઝાદ મેદાનથી નીકળી કસ્બા, અંબાજી મંદિર, માનીયાની ખાડ, ગોપી સિનેમા, લોટીયા ભાગોળ ત્રણ રસ્તા, કપાસિયા બજાર, ટાવર બજાર, ગામડીવડ, મ્યુનિસીપાલીટી કચેરી સામે થઈ ગોપાલ ચાર રસ્તા, નગરપાલીકા દવાખાના, જુના એસ.ટી.સ્ટેન્ડ ચાર રસ્તા, કવિતા શોપીંગ સેન્ટર, લક્ષ્મી ચાર રસ્તા, જુના રસ્તા, ભાથીજી મંદિર, ગામડીવડ, બેઠક મંદીર, વહેરાઈ માતા મંદીર થઈ આઝાદ મેદાન થઈ કસ્બા, અંબાજી મંદિર, કન્યા શાળા થઈ ઠકકર વાડી ચાર રસ્તા, ગોપી સિનેમા, લોટીયા ભાગોળ ત્રણ રસ્તા થઈ મહારાણા પ્રતાપ સ્ટેચ્યુ પાસે વ્યાયામ શાળા તળાવમાં વિસર્જન થનાર છે. જેથી નીચે જણાવેલ માર્ગો ઉપર વાહનોની અવર-જવર અટકાવવા તેમજ તે માર્ગો ઉપરનો વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૦૩/૦૯/૨૦૨૫ ના પત્ર ક્રમાંક:એલઆઈબી/ ગણેશ વિસર્જન/ રોડ ડાયવર્ઝન/૧૩૧૨/૨૫થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) થી મળેલ સત્તાની રૂએ તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ ૦૭:૦૦ થી ૨૨:૦૦ સુધી નીચે જણાવેલ માર્ગો ઉપરથી પસાર થતાં વાહનો ઉપર પ્રતિબંધ ફરમાવુ છું તથા આ માર્ગો ઉપરથી પસાર થતાં વાહનોનો નીચે જણાવેલ માર્ગોએ વાળવા (ડાયવર્ટ કરવા) હુકમ કરૂં છું.

- **વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો :-**

(૧) ઠકકરવાડીથી ગોપી સિનેમા રોડ મહારાણા પ્રતાપ સ્ટેચ્યુ સુધી

(૨) બેઠક મંદિરથી ગામડી વડ, સ્ટેશન રોડ, મ્યુ.દવાખાના, જુના એસ.ટી.ચાર રસ્તા, મીનરવા, લક્ષ્મી ટોકીઝથી વેન્ડોર ચાર રસ્તા સુધી

(૩) ગામડી વડ થી કપાસીયા બજાર, ટાવર બજાર, ગામડી વડ સર્કલ સુધી

(૪) ગોપાલ ટોકીઝથી પપ્પુ હોસ્પીટલ વેન્ડોર ચાર રસ્તા સુધી

(૫) લક્ષ્મી ટોકીઝથી મીનરવા, એસ.ટી.ચાર રસ્તા, મ્યુ.દવાખાનાથી સ્ટેશન રોડ, ગામડીવડ, વહેરાઈ માતા બેઠક મંદિર સુધી

(૬) અમુલ ડેરીથી મહારાણા પ્રતાપ સર્કલ જતા વાહનો

(૭) ઉમાભવન તરફથી પુલ ઉપરથી મહારાણા પ્રતાપ સર્કલથી ગંજ બજાર તરફ જતા વાહનો

- <u>ઉપરોકત જણાવેલ માર્ગો ઉપરનો વાહન વ્યવહાર બંધ કરી નીચે જણાવેલ માર્ગો ઉપર ડાયવર્ઝન આપવા</u> :-

(૧) સામરખા ચોકડીથી આવતા વાહનો મહેન્દ્ર શાહ હોસ્પિટલ થઈ ગુજરાતી ચોક થઈ જુના દાદર, અમુલ ડેરી રોડ, તુલસી સિનેમા, શાસ્ત્રી બાગ, વ્યાયામ શાળા થઈ બોરસદ ચોકડી તરફ જઈ શકશે.

(૨) લાંભવેલ રોડ તરફ થી આવતાં વાહનો ગ્રીડ ચોકડી, સરદાર બાગ પોલીસ ચોકી, ભાલેજ ઓવરબ્રિજ થઈ સામરખા ચોકડી તરફ જઈ શકશે.

(૩) વિદ્યાનગર રોડ તરફથી આવતાં વાહનો જી.ઈ.બી. ગ્રીડ ચોકડી થઈ સરદાર બાગ પોલીસ ચોકી, ભાલેજ ઓવરબ્રિજ થઈ સામરખા ચોકડી તરફ જઈ શકશે.

(૪) બોરસદ ચોકડી તરફથી આવતા વાહનો ગણેશ સર્કલ થઈ અમુલ ડેરી, જુના દાદર, ગુજરાતી ચોક થઈ મહેન્દ્ર શાહ હોસ્પીટલ થઈ જઈ શકશે.

(૫) ઈન્દીરા ગાંધી સ્ટેચ્યુ તરફથી આવતા વાહનો ભાલેજ ઓવરબ્રિજ થઈ સામરખા ચોકડી તરફ જઈ શકશે: તેમજ નવા બસ સ્ટેશન તરફ જઈ શકશે.

(૬) નવા બસ સ્ટેશન તરફથી આવતા વાહનો પાયોનીયર હાઈસ્કુલ ચોકડી થઈ મહેન્દ્ર શાહ હોસ્પીટેલ રોડ, ઓવરબ્રિજ થઈ સામરખા ચોકડી તરફ જઈ શકશે.

(૭) જુના બસ સ્ટેશન પીક અપ સ્ટેન્ડ બંધ કરી તેની જગ્યાએ મહેન્દ્ર શાહ હોસ્પીટલ પીક અપ સ્ટેન્ડ રાખી શકાશે.

(૮) અમુલ ડેરીથી મહારાણા પ્રતાપ સર્કલ જતાં વાહનો વ્યાયામશાળાના ગેટથી ગંજ બજાર તરફથી જઈ ઠાકરશે.

(૯) ઉમાભવન થી તથા બોરસદ તરફથી ઓવર બ્રિજ ઉપર આવતા વાહનો બોરસદ ચોકડી થઈ ગણેશ ચોકડી થઈ અમુલ ડેરી થઈ ગંજ બજાર જઈ શકશે.

-: અપવાદ :-

સરકારી વાહનો, એમ્બ્યુલન્સ વાન તથા ફાયરબ્રીગેડના વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

આ હુકમથી જે રસ્તાઓ બંધ કરવામાં આવેલા છે. તે સ્થળોએ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદે જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૦૪/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

જાહેરનામુ

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા - ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ બહાર પાડેલ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૧૫/૨૦૨૫.-સ્ટાફ સિલેકશન કમિશન, મુંબઈ ધ્વારા Conduct of Computer Based Combined Gradiate Leve Examination 2025 ની પરીક્ષા આગામી તા.૧૨/૦૯/૨૦૨૫ થી તા.૨૬/૦૯/૨૦૨૫ દરમ્યાન યોજાનાર છે. જે અન્વયે અત્રેના આણંદ જિલ્લામાં આવેલ એકટીવ ડીઝીટલ ઝોન, કરમસદ કેળવણી મંડળ, શ્રમતી સી.જે.પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ કેમ્પસ, આણંદ-સોજત્રા રોડ, દર્શન હોટલ સામે, મુ.કરમસદ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાનું સુચારુ અને નિષ્પક્ષ સંચાલન થાય તેમજ પરીક્ષા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ જ બને તે માટે રીજીયોનલ ડાયરેકટરશ્રી, સ્ટાફ સિલેકશન કમિશન, મુંબઈના તા.૦૩/૦૯/૨૦૨૫ના પત્ર નં. E.E.1101/1/2025/Exam/SSC (WR)/516 થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (CAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સહીંતા- ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ તા.૧૨/૦૯/૨૦૨૫ થી તા.૨૬/૦૯/૨૦૨૫ દરમ્યાન સવારના ૦૭:૦૦ કલાક થી બપોરના ૧૮:૦૦ કલાક દરમ્યાન ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધ :--

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમ્યાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસો દરમ્યાન સવારના ૦૭:૦૦ કલાક થી બપોરના ૧૫:૦૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓને મોબાઈલ ફોન કે ઈલેકટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહીં.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ.

અપવાદ :-

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક પર મુકેલા સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ આણંદ Conduct of Computer Based Combined Gradiate Level Examination 2025 માટે નક્કી કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાયે સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૦૮/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

ઋતુરાજ દેસાઇ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

જાહેરનામુ

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા - ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ બહાર પાડેલ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૧૬/૨૦૨૫.-આગામી તા.૧૪/૦૯/૨૦૨૫ ને રવિવારના રોજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા "રેવન્યુ તલાટી" ની સ્પર્ધાત્મક પરીક્ષા અંતર્ગત અત્રેના જીલ્લામાં સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર હોય. જે અન્વયે અત્રેના આણંદ જિલ્લામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાનું સુચારુ અને નિષ્પક્ષ સંચાલન થાય તેમજ પરીક્ષા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે યોજાયેલ તા.૦૧/૦૯/૨૦૨૫ રોજ યોજાયેલ વીડીયો કોન્ફરન્સમાં જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના અન્વયે જિલ્લા શિક્ષણાધિકારી, આણંદે તેમના તા.૦૮/૦૯/૨૦૨૫ ના પત્ર નં.પરીક્ષા/મહેસુલી તલાટી/૨૦૨૫/૧૬૫૦૨થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સહીંતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ તા.૧૪/૦૯/૨૦૨૫ ના રોજ સવારના ૧૧:૦૦ થી સાંજના ૧૭:૦૦ કલાક દરમ્યાન ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધ :-

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમ્યાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસે સવારના ૧૧:૦૦ થી સાંજના ૧૭:૦૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓનો મોબાઈલ ફોન કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ.

અપવાદ :-

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક પર મુકેલા સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ આણંદ જિલ્લામાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા "રેવન્યુ તલાટી"ની સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા માટે નક્કી કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાયે સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

રેવન્યુ તલાટી પરીક્ષા–૨૦૨૫ પરીક્ષા કેન્દ્રોની યાદી આણંદ જિલ્લો: આણંદ

Sr	Center Name	Address	Contact Person Name	Contact No.
1	D. N High School, Unit-1, Anand	Station Road, Anand	Girishbhai Patel	9228741424
2	D. N High School, Unit-2, Anand	Station Road, Anand	Pramodbhai Chaudhari	9427063257
3	Kasturba Kanya Vidyalay, Anand	D. N. Campus, Station Road, Anand	Niralben Khandelwal	8320811299
4	Charotar English Medium School, Unit-1, Anand	D. N. Campus, Station Road, Anand	Kartik Patel	9913605201
5	Charotar English Medium School, Unit-2, Anand	D. N. Campus, Station Road, Anand	Hardikaben Patel	7874077184
6	Salvation Army English Medium School, Anand	N/R. Gurudvara Circle, Amul Dairy Road, Anand	Simaben Chauhan	9904258441
7	J. P. Thakkar High School, Anand	N/R. N. S. Patel Circle, Bhalej Road, Anand	Pranav Dave	9033437102
8	Charotar Millat High School, Anand	N/R. Bhalej Over Bridge, Anand	Salimaben Bhimani	9898160156
9	Madresa High School, Anand	Bhalej Road, Anand	Naimbhai Pathan	9974439230
10	Sent Xavier's High School, Gamdi	B/H. Railway Station, Gamdi Road, Anand	Fr. Noyel	6351550741
11	Vimal Mirium High School, Gamdi	B/H. Railway Station, Gamdi Road, Anand	St. Minal	9426826373
12	H. L. Patel High School, Unit-1, Samarkha	At- Samarkha	Ankitbhai Patel	9925015697
13	H. L. Patel High School, Unit-2, Samarkha	At- Samarkha	Truptiben Bhojak	9099073211
14	Sent Xavier's High School, Limdapura	At- Limdapura	Sis. Varsha	8828292848
15	Anand High School, Anand	N/R. Town Hall, Anand	Krunal Rana	9898264626
16	D. Z. Patel High School, Unit-1, Anand	80 Feet Road, N/R. Reliance Smart Bazar, Anand	Tejal Jani	7405177050
17	D. Z. Patel High School, Unit-2, Anand	80 Feet Road, N/R. Reliance Smart Bazar, Anand	Keval Thakar	9429034924
18	G. J. Sharda Mandir, Vallabh Vidyanagar	N/R. Bhaikaka Statue, Vallabh Vidyanagar	Yaminiben Patel	9974688029
19	I. B. Patel English Medium School (S.F.), Vallabh Vidyanagar	N/R. Bhaikaka Statue, Vallabh Vidyanagar	Mrs. Bindu Senthilnath	9228706226
20	M. S. Mistri Bilingual School, Vallabh Vidyanagar	N/R. Bhaikaka Statue, Vallabh Vidyanagar	Rahulbhai Solanki	9824527636

21	M. U. Patel Tech. High School, Vallabh Vidyanagar	N/R. Bhaikaka Statue, Vallabh Vidyanagar	D. R. Chaudhari	9979939859
22	T. V. Patel High School, Vallabh Vidyanagar	B/H. Nalini Arts College, Nana Bazar, Vallabh Vidyanagar	Vijaybhai Suthar	9879625251
23	S. D. Desai High School, Vallabh Vidyanagar	N/R. Bakrol Gate, Vallabh Vidyanagar	Dharmendra Trivedi	9925158671
24	S.G.M.English Medium College Of Comersh & Manegment (Semcom)	Opp.Shastri Ground Vallabh Vidyanagar	Dr. Preethi Luhana	9879787370
25	B. A. P. S. High School, Bakrol	N/R. Bakrol Gate, Vallabh Vidyanagar	Hiren Patel	9879967512
26	Daxinamurti High School, Vallabh Vidyanagar	N/R. Bakrol Gate, Vallabh Vidyanagar	Tusharbhai Parekh	9998819163
27	G. H. Patel College Of Engineering & Technology(Gcet)	Bakrol Road, Vallabh Vidyanagar	Pro. Poorav Shah	9427858127
28	Knownladge High School, Unit-1, Bakrol	Knownladge Campus, Bakrol Ta. Di. Anand	Amitabh Mecwan	9723930878
29	Knownladge High School, Unit-2, Bakrol	Knownladge Campus, Bakrol Ta. Di. Anand	Kamleshbhai Vaghela	8140123294
30	Knownladge High School, Unit-3, Bakrol	Knownladge Campus, Bakrol Ta. Di. Anand	Akshaybhai Patel	9773480966
31	Smt. K. R. Patel Secondary School(Bavis Gam), Vallabh Vidyanagar	Mahadev Area, N/R. Sardar Patel Statue, Vallabh Vidyanagar	Miraben Tharkan	7487043901
32	I. B. Patel English Medium School (Granted), Vallabh Vidyanagar	N/R. Janta Railway Crossing, Vallabh Vidyanagar	Bhavesh Bhatt	9426037548
33	Mahatma Gandhi Vidyalay, Mogri	Mogri Road, Viththal Udhyog Nagar, Anand	Hareshbhai Gediya	9979978209
34	Sent Merry's English Medium School, Mogri	Juna Anand-Mogri Road, Viththal Udhyog Nagar, Anand	Geetha Nair	9898053270
35	Sent Xavier's High School, Chavadapura	Jitodiya Road, Anand	Fr. Arockiam Selva	9913457877
36	Saradar Vallabhbhai Patel High School (Khetivadi), Anand	N/R. Jagnath Mahadev Temple, Anand	Yogesh Patel	9909211913
37	C. J. Patel High School, Karamsad	N/R. Bus Station, Karamsad	Pravinsinh Rajput	9979164128
38	C. J. Patel Higher Secondary School, Karamsad	N/R. Bus Station, Karamsad	Pannaben	9979037192
39	Vir Viththalbhai High School, Karamsad	N/R. Bus Station, Karamsad	Arpitaben Dalwadi	9408212907
40	J. J. International High School, Anand	Lambhavel Road, Anand	Manish Patel	7069021669

41	Sardar Patel High School, Borlavi	At Borlavi	Manish Ka.Patel	9898827972
42	Shri B. N. Patel High School, Navali	At Navali, Ta. & Di. Anand	Hiren Patel	9898255971
43	Patel M. S. High School, Vadod	At Vadod, Ta. & Di. Anand	Gopal Patel	9426370490
44	N. L. Patel High School, Napad	N/R. Ram Bag, Napad Talpad, Ta. & Di. Anand	Atul Patel	9429367443
45	H. S. Mahida High School, Mogar	N/R. Bus Station, Mogar Ta. & Di. Anand	Himanshu Patel	9913829444
46	Saradar Patel Vinay Mandir High School, Vasad	Mahadev Road, Vasad Ta. & Di. Anand	Jatin Patel	9033670241
47	Shanti Niketan High School, Vasad	Mahadev Road, Vasad Ta. & Di. Anand	Punitaben Patel	8849621298
48	United High School, Vasad	Mahadev Road, Vasad Ta. & Di. Anand	Minuben	7623014868
49	Anand Mercantile College Of Science, Management & Computer Technology	Near New Bus Stand, Anand	Rupal Bhatt	9824880641
50	Anand Arts College	Nr Grid Chokdi, Anand	Dr. Manoj Patel	9824043050
51	Anand Law College	Nr Grid Chokdi, Anand	Dr. Amit Parmar Shri. Devang Suthar	9904296700 9924026021
52	Shri Bhikhabhai Patel Arts College	C/O. M B Patel Science College, Sardar Gunj Road, Anand	Dr. Ashok Zala	9427386695
53	Shri V. Z. Patel Commerce College	C/O. M B Patel Science College, Sardar Gunj Road, Anand	Dr. Bharti Raj	9924329429
54	Shri Dadabhai Navroji Insti. Of Computer Application	C/O. M B Patel Science College, Sardar Gunj Road, Anand	Dr. Maulik Pandya	9898121617

આજ તા.૦૮/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઇ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ - ૩૩ (૧) (બી) અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૧૭/૨૫.-આગામી તા. ૧૦/૦૯/૨૦૨૫ ના રોજ ઘ ખેડા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લીમીટેડની, આણંદ અમુલ ડેરી ખાતે ચુંટણી યોજાનાર હોય, તે દરમ્યાન મોટી સંખ્યામાં મતદારો વાહનો લઈને મતદાન માટે આવનાર હોય, જેથી ચુંટણી દરમ્યાન ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે માટે નીચે જણાવેલ રસ્તા ઉપર ડાયવર્ઝન કરવુ જરૂરી * હોય, જેથી રોડ બંધ કરતા ટ્રાફિક જામની

સમસ્યા થવાની પુરેપુરી સંભાવના હોય, તે માટે તા.૧૦/૦૯/૨૦૨૫ ના રોજ ઘ ખેડા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લીમીટેડની, આણંદ અમુલ ડેરી ખાતે ચુંટણી દરમ્યાન સ.ક.૦૬:૦૦ થી સા.ક.૧૮:૦૦ સુધી રોડ ડાયવર્ઝન અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૦૮/૦૯/૨૦૨૫ના પત્ર નં.એલઆઈબી/ચુંટણી/રોડ ડાયવર્ઝન/૧૩૪૨/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છું.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ(GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રૂટ ઉપર તા.૧૦/૦૯/૨૦૨૫ ના રોજ સ.ક.૦૬:૦૦ થી સાં.ક.૧૮:૦૦ સુધી વાહનોને ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

વૈકલ્પીક માર્ગો:

૧. ગણેશ ચોકડીથી રેલ્વે ફાટક થઈ અમુલ ડેરી થઈ ગુરૂદ્વારા સર્કલ થઈ રેલ્વે સ્ટેશન તરફ જતા વાહનો બોરસદ ચોકડી ઉમાભવન થઈ ઓવરબ્રીજ ઉપર થઈ મહારાણા પ્રતાપ સર્કલ થઈ વ્યાયામ શાળા, શાસ્ત્રી મેદાન, ગુરૂદ્વારા સર્કલ, શાક માર્કેટ થઈ રેલ્વે સ્ટેશન તરફ જઈ શકશે.

૨. આણંદ રેલ્વે સ્ટેશનથી અમુલ ડેરી થઈ ગણેશ ચોકડી, તરફ જતા વાહનો શાક માર્કેટ, ગુરૂદ્વારા સર્કલ થઈ શાસ્ત્રી મેદાન, વ્યાયામ શાળા, મહારાણા પ્રતાપ સર્કલ થઈ બોરસદ ચોકડી થઈ ગણેશ ચોકડી તરફ જઈ શકશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા ચીફ ઓફિસરશ્રી, બોરીયાવી નગરપાલિકા ધ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૦૮/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ.

નંબર પીઓએલ/૨/જાહેરનામું/એસ.આર./૧૧૮/૨૦૨૫.–કોઈપણ સમાજ ત્યારે સભ્ય ગણાય કે જ્યારે સમાજના તમામ વર્ગ શાંતિ અને નિર્ભયતાથી પોતાનું જીવન પસાર કરી શકે. વિશેષ કરીને મહિલાઓ અને બાળકીઓ પોતાને સુરક્ષિત સમજે અને નિર્ભય થઈને ઘર બહાર જઈ શકે અને હરી ફરી શકે તે ખૂબ જ જરૂરી છે. તેમ છતાં કેટલાક અનિષ્ટ તત્વો સ્કુલ/કોલેજ, પોતાના કામે એકલી જતી છાત્રા મહિલાઓને અશ્લીલ ચેનચાળા કરીને કે પીછો કરીને અશ્લીલ શબ્દોનો ઉચ્ચાર કરીને અથવા તેમના ઉપર હુમલો કરીને પજવતા હોય છે અને અમુક કેસોમાં બળાત્કાર જેવા ગંભીર બનાવો પણ બની જતાં હોય છે, જેથી આવા બનાવોને બનતા અટકાવવા તેમજ મહિલા સુરક્ષા વધારવાના હેતુસર વ્યાજબી કારણસર સ્કુલો/કોલેજો/ટ્યુશન ક્લાસ તથા મહિલા હોસ્ટેલની આસપાસના ૫૦ મીટર સુધી જાહેર માર્ગ ઉપર કોઈપણ પુરૂષ/પુરૂષો વ્યાજબી કારણ વગર વાહન સાથે અથવા વાહન વગર ઊભા રહેવા કે બેસવા ઉપર મનાઈ ફરમાવવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ ૧૮૦ દિવસ માટે જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તારીખ ૦૨/૦૯/૨૦૨૫ના પત્રથી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું, ઋતુરાજ દેસાઈ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ, આથી હુકમ કરું છું કે, આણંદ જિલ્લામાં આવેલ તમામ નર્સરી સ્કુલો/ સ્કુલો/કોલેજો/ટ્યુશન ક્લાસ તથા મહિલા હોસ્ટેલની આસપાસના ૫૦ મીટર સુધીના જાહેર માર્ગ ઉપર કોઈપણ પુરૂષ/પુરૂષો વ્યાજબી કારણ વગર વાહન સાથે અથવા વાહન વગર ઊભા રહેવા કે બેસવા ઉપર મનાઈ ફરમાવું છું.

અપવાદ :

(૧) નર્સરી સ્કુલો/સ્કુલો/કોલેજો/ટ્યુશન ક્લાસીસ તથા મહિલા હોસ્ટેલ ખાતે આવતા વિદ્યાર્થીઓ.

(૨) નર્સરી સ્કુલો/સ્કુલો/કોલેજો/ટ્યુશન ક્લાસીસ તથા મહિલા હોસ્ટેલ ઉપર છોડવા તથા લેવા માટે આવતા વાલીઓ તથા ઓટો/વાન માલિકો-ડ્રાઈવરો (જેમની પાસે ઓળખપત્ર હોય તેવા જ).

(૩) નર્સરી સ્કુલો/સ્કુલો/કોલેજો/ટ્યુશન ક્લાસીસ તથા મહિલા હોસ્ટેલ ઉપર વ્યાજબી કામથી આવતા વિદ્યાર્થીઓ તથા વાલીઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ ઉક્ત હુકમના ઉલ્લંઘન બદલ શિક્ષાને પાત્ર થશે. કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ કોઈપણ પોલીસ અધિકારીશ્રી આ જાહેરનામાના ઉલ્લંઘન બદલની કાર્યવાહી કરી શકશે.

આ હુકમ તારીખ ૦૯/૦૯/૨૦૨૫ થી તારીખ ૦૮/૦૩/૨૦૨૬ સુધી (૧૮૦ દિવસ) અમલમાં રહેશે.

આજ તા.૦૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૧૯/૨૦૨૫.–આણંદ જિલ્લા બહારથી આવી આંતકવાદી તેમજ ભાંગફોડ પ્રવૃત્તિ કરવાવાળા ઇસમો અત્રેના જિલ્લામાં વસવાટ કરે તે નકારી શકાય નહી અને અત્રેના જિલ્લામાં મહત્વના સ્થળો જેવા કે અમુલ ડેરી, એન.ડી.ડી.બી., ઈરમા, ધુવારણ થર્મલ પાવર સ્ટેશન વિગેરે આવેલ છે. જેથી જિલ્લામાં સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુસર ભાડેથી મકાન આપતા મકાન માલિકો તથા ઔદ્યોગિક એકમો વિગેરે ઉપર નિયંત્રણો મુકવા ૧૮૦ દિવસ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૦૨/૦૯/૨૦૨૫ના પત્રથી દરખાસ્ત કરેલ છે.

જેથી, હું, ઋતુરાજ દેસાઇ (G.A.S), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આણંદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, આણંદ જિલ્લાના કોઈપણ વિસ્તારમાં,

(૧) કોઈપણ મકાન, દુકાન કે ગોડાઉનના માલિક પોતે કે એજન્ટ મારફતે આપે તે કબ્જેદાર/એજન્ટ મકાન ભાડે આપે ત્યારે નીચેની વિગતે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

અ. નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં છે તેની વિગત	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું	જે વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ સરનામા (ફોટા સાથે)	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬

(૨) ઔદ્યોગિક એકમ, વાણિજયક પ્રવૃત્તિ કરતા એકમ તથા ઇંટ ભઠ્ઠાનાઓના માલિકો અથવા લેબર કોન્ટ્રાકટરો દ્વારા કોઈપણ અજાણ્યા ઇસમોને અથવા રાજય સરકારના કે દેશ બહારના કોઈપણ ઇસમને કામ રાખે અને કામ ચલાઉ કે કાયમી રહેઠાણ વ્યવસ્થા કરી આપે તો આવા તમામ ઇસમોના ફોટો ઓળખપત્ર સહિતની વિગતો મેળવી નીચે જણાવેલ વિગતે સ્થાનિક પોલીસ મથકમાં જાણ કરવાની રહેશે.

અ.નં.	એકમ ફેક્ટરીનું નામ/ઈંટભઠ્ઠાનું નામ/કોન્ટ્રાક્ટરનું નામ	જવાબદાર વ્યક્તિનું નામ તથા સરનામું	ક્યારથી માણસો રાખેલ છે.	જે વ્યક્તિઓને કામ પર રાખેલ છે. રહેઠાણ, સગવડ આપેલ છે. તેમના નામ/સરનામા	જે વ્યક્તિઓને કામ પર રાખેલ છે, તેમને રહેઠાણ, પાણી, વીજળી જેવી પ્રાથમિક સુવિધા આપેલ છે ?	કામદારના ફોટા તથા ફોટો ઓળખ પત્રની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તારીખ ૦૯/૦૯/૨૦૨૫ થી તારીખ ૦૮/૦૩/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૦૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ.

નંબર પીઓએલ/૨/જાહેરનામું/એસ.આર./૧૨૦/૨૦૨૫.–આણંદ જિલ્લામાં આવેલ તમામ કોચીંગ કલાસ તથા ટ્યુશન કલાસીસમાં જતી વિદ્યાર્થીનીઓ શાંતિ અને નિર્ભય થઈને ટ્યુશન કલાસીસમાં કે કોચીંગ કલાસમાં જઈ શકે અને હરીફરી શકે તે ખૂબ જ જરૂરી હોય તેમજ

કેટલાક અનિષ્ટ તત્વો દ્વારા ટ્યુશન કલાસીસ કે કોચીંગ કલાસના કામે એકલી જતી છાત્રા મહિલાઓનો પીછો કરી તેમના ઉપર હુમલો કરતાં હોય તેવા ગંભીર બનાવો બનતા અટકાવવા સારૂ જિલ્લામાં આવેલ તમામ કોચીંગ ક્લાસ તથા ટ્યુશન કલાસીસ સવાર કલાક ૦૭-૦૦ વાગ્યાથી પહેલાં નહીં અને સાંજે ક. ૨૦.૦૦ થી મોડા સુધી ચાલુ ન રહે તે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ દિન-૧૮૦ માટે જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તારીખ ૦૨/૦૯/૨૦૨૫થી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું, ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ, આથી હુકમ કરૂં છું કે, આણંદ જિલ્લામાં આવેલ તમામ કોચીંગ કલાસ તથા ટ્યુશન કલાસીસ સવારના ૦૭.૦૦ કલાક પહેલાં અને સાંજના ૨૦.૦૦ કલાક પછીના સમય માટે ચાલુ રાખવા ઉપર મનાઈ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૦૯/૦૯/૨૦૨૫ થી તારીખ ૦૮/૦૩/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) ૧૮૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૦૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૨૧/૨૦૨૫.—ગુપ્તચર સંસ્થાના વખતોવખતના અહેવાલો અન્વયે આતંકવાદી તત્ત્વો દ્વારા અલગ અલગ જગ્યાએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી મોટી જાનહાનિ તેમજ મિલ્કત હાનિ કરવામાં આવતી હોય છે તથા આવી રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ કરતી ગેંગ પરપ્રાંતમાંથી આવતી હોય છે. જે ગેંગ વાહનો તથા હાઈવે હોટલોનો ઉપયોગ કરતી હોય છે. આવી રીતે થતી લૂંટ તથા ચોરીના ગુના તથા આવી પ્રવૃત્તિ અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુનાઓ શોધવા માટે આણંદ જિલ્લામાં આવેલ તમામ હોટલો, રેસ્ટોરંટ, ડાઈનીંગ હોલ, મોલ, બેન્કો, જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢીઓ, તમામ પેટ્રોલપંપ, તમામ ટોલ પ્લાઝા, કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, સાયબર કાફે, તથા શાળા કોલેજોમાં બનતા અપહરણ-છેડતીના બનાવો અટકાવવા માટે શાળા-કોલેજોના પ્રવેશ નિકાસના રોડની સાઈડ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઇ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ મુકવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તારીખ ૦૨/૦૯/૨૦૨૫ થી સદર જાહેરનામું વધુ ૧૮૦ દિવસ સુધી બહાર પાડવા જણાવેલ છે.

જિલ્લામાં થતા આવા ગુના અટકાવવા તથા વણશોધાયેલ ગુનાઓ શોધવામાં મદદરૂપ થાય તે હેતુથી વધુ અવર-જવરવાળા ધંધાના સ્થળો ઉપર C.C.T.V. કેમેરા (નાઈટ વિઝન તથા હાઇ ડેફીનેશન) રેકોર્ડીંગ સિસ્ટમ સાથે મુકવામાં આવે તો ગુનેગારો, ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઇ કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવો રજુ થઈ શકે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રીએ સૂચવ્યા મુજબના સ્થળોએ C.C.T.V. કેમેરા રેકોર્ડીંગ સીસ્ટમ સાથે રાખવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ઋતુરાજ દેસાઈ,(G.A.S)., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, તમામ હોટલ, રેસ્ટોરંન્ટ, ડાઈનીંગ હોલ, મોલ, બેન્કો, જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢીઓ, તમામ પેટ્રોલપંપ, તમામ ટોલ પ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરા આજુબાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે પૂરતી સંખ્યામાં કેમેરા જે તે દુકાનો / પેઢીઓ / સંસ્થાઓના માલિકોએ ગોઠવવા. કોમર્શીયલ કોમ્પ્લેક્ષ તથા શાળા-કોલેજોમાં બનતા અપહરણ-છેડતીના બનાવો અટકાવવા માટે શાળા-કોલેજોના પ્રવેશ નિકાસના રોડની સાઈડ ઉપર સદરહુ કેમેરા એવી રીતે ગોઠવવા કે વ્યક્તિ કે વાહન આઈડેન્ટીફાય થઈ શકે તથા રાત્રી દરમ્યાન પણ રેકોર્ડીંગ કરી શકે તેવી કવોલીટીના રાખવા અને ૬ માસ સુધી રેકોર્ડીંગ રહે તેવી વ્યવસ્થા રાખવા હુકમ કરૂં છું.

આ હુકમ તારીખ ૦૯/૦૯/૨૦૨૫ થી તારીખ ૦૮/૦૩/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સહિત) ૧૮૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૦૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૨૨/૨૦૨૫.–ભુતકાળમાં આતંકવાદી જુથ દ્વારા દેશના મોટા શહેરો જેવા કે જયપુર, બેંગ્લોર તથા અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં સાયબર કાફેના માધ્યમથી ''ઈ-મેઈલ'' કરવામાં આવેલ હોવાનું અખબારી માધ્યમો દ્વારા જે તે સમયે પ્રકાશિત થયેલ. જેથી, આવા આતંકવાદી જુથો દ્વારા આચરવામાં આવતાં ગુન્હાઓ સાયબર કાફેના કોમ્પ્યુટરોમાં રહેલ માહિતી ઉપરથી ડીટેકટ થતા હોય છે અને બનેલા બનાવો અંગે મહત્વની કડીઓ પ્રાપ્ત થતી હોય છે. જેથી દરેક સાયબર કાફે પર આવીને ઈન્ટરનેટ સર્ફીંગ કરનાર વ્યકિતઓની માહિતી સાયબર કાફે માલિક પાસે રખાવવી અત્યંત જરૂરી બની રહે તે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ દિન-૧૮૦ માટે જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિકશ્રી, આણંદે તેમના તા.૦૨/૦૯/૨૦૨૫ના પત્રથી દરખાસ્ત કરેલ છે.

જેથી, હું, ઋતુરાજ દેસાઇ, (G.A.S), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ જિલ્લો, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ, આથી, હુકમ કરૂં છું કે, સમગ્ર આણંદ જિલ્લાના વિસ્તારમાં આવેલ સાયબર કાફેના માલિક, સંચાલક કે નોકરે સાયબર કાફેની મુલાકાત લેતા દરેક વ્યક્તિ/બ્રાઉઝર પાસેથી જરૂરી માહિતી મેળવીને, નીચે જણાવ્યા મુજબનું રજિસ્ટર નિભાવવાનું રહેશે અને તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે. તેમજ નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તેમજ જરૂર જણાયે જિલ્લા મેજિસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારી માગે ત્યારે તેઓને અવશ્ય આપવાની રહેશે.

અ.નં.	કોમ્પ્યુટર નંબર	વપરાશકર્તા / બ્રાઉઝરનું નામ	સરનામું	ઉંમર	સ્ત્રી કે પુરૂષ	ટેલીફોન મોબાઈલ નંબર
૧	૨	૩	૪	૫	૬	૭

ઈ-મેઈલનું એડ્રેસ	સહી	સાયબર કાફેમાં દાખલ થયા સમય	સાયબર કાફેમાંથી બહાર નીકળ્યા સમય	ફોટા સાથેની ઓળખની વિગતો (જેવા કે ચૂંટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/ બેંકની પાસબુક/પાન કાર્ડ/ પાસપોર્ટ/આઈ.કાર્ડ, સ્કુલ કે કોલેજનું ઓળખપત્ર વિગેરે)	ઓળખનો પુરાવો કયા અધિકારી દ્વારા ઈસ્યુ થયેલ છે ?	રીમાર્કસ
૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪

(૧) ઉપર મુજબનું રજિસ્ટર સાયબર કાફેના માલિકે નિભાવવાનું રહેશે અને તેની ફરજીયાત સાચવણી-જાળવણી કરવાની રહેશે.

(૨) કોઈપણ સાયબર કાફે માલિક કે તેનો અધિકૃત કર્મચારી ઉપરોક્ત પત્રકના કોલમ નં.-૧૨માં જણાવેલ પુરાવાઓ પૈકી તેને સંતોષ થાય તેટલા જરૂરી પુરાવા રજુ કર્યેથી ઉપર મુજબના રજિસ્ટરમાં નોંધ કરીને સાયબર કાફેમાં આવનાર વ્યક્તિ/બ્રાઉઝરને ઈન્ટરનેટનો ઉપયોગ કરવા દેશે. આ મુજબની ફોટા સાથેની કોઈપણ જરૂરી ઓળખ રજુ ન કરનાર વ્યક્તિ/બ્રાઉઝરને સાયબર કાફેમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરવા દેવો નહિ.

(૩) સાયબર કાફેમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરવા માટે આવનાર દરેક વ્યક્તિ/બ્રાઉઝરનો વેબ કેમેરાથી ફોટો પાડીને કોમ્પ્યુટરની હાર્ડ ડીસ્કમાં સ્ટોર કરવાનો રહેશે. સક્ષમ અધિકારી દ્વારા ચકાસણી માટે આ ફોટા માંગવામાં આવે ત્યારે બતાવવાના રહેશે. જો કોઈ વ્યક્તિ/બ્રાઉઝર આ માટે સહમત ન થાય તો તેને ઈન્ટરનેટનો ઉપયોગ સાયબર કાફે ખાતે કરવા દેવાશે નહિ.

(૪) સાયબર કાફેના દરેક કોમ્પ્યુટર સેફ્ટી સોફ્ટવેરથી સજજ રાખવાના રહેશે. જેથી કોઈ વ્યક્તિ અશ્લિલ વેબસાઈટો, આતંકવાદી પ્રવૃત્તિઓ કે વાંધાજનક વેબસાઈટનો ઉપયોગ કરી શકે નહી.

(૫) સાયબર કાફે માલિક ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરનું પ્રમાણપત્ર, ઈન્ટરનેટ પ્રોટોકોલ એડ્રેસ, ફુલ બેન્ડ વીથ, ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર દ્વારા અપાતી બીજી સેવાઓ જેવી કે, વિડીયો કોન્ફરન્સીંગ, ઈન્ટરનેટ પ્રોટોકોલ ટેલીફોનની વિગત પણ નિભાવવાની રહેશે.

(૬) કોમ્પ્યુટરના સ્ટોરેજ મીડીયા/હાર્ડવેરની ઓળખને લગતી માહિતીનો સંગ્રહ કરવાનો રહેશે.

(૭) સાયબર કાફે માલિકે નીચે મુજબના બેકઅપની સાચવણી-જાળવણી કરવાની રહેશે.

(૧) ઈન્ટરનેટ બ્રાઉઝર.

(૨) વેબ સાઈટનો ઈતિહાસ.

(૩) ઈન્ટરનેટ કુકીઝ.

(૪) મોર્ડન લોગ્સ.

(૫) ઈન્ટરનેટ ડાઉન લોડ.

(૬) પ્રોક્સી લોગ.

(૭) નેટવર્ક સોફ્ટવેરના ઉપયોગથી ઉદ્‌ભવતા બીજા લોગઝ.

(૮) સાયબર કાફેની ઉપર જણાવેલ કોઈપણ વિગતો પોલીસ અધિક્ષકશ્રી, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ કે તેમના તાબા હેઠળના કોઈપણ અધિકારીશ્રીને તપાસણી અર્થે રજુ કરવાનું જણાવવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે.

(૯) સાયબર કાફે સવારના ૮:૦૦ કલાક થી રાત્રીના ૧૦:૦૦ કલાક સુધી જ ખુલ્લા રાખવાના રહેશે.

આ હુકમ તારીખ ૦૯/૦૯/૨૦૨૫ થી તારીખ ૦૮/૦૩/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સિધ્ધાંત) ૧૮૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૦૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામાં/એસ.આર./૧૨૩/૨૦૨૫.–આણંદ જિલ્લામાં મોબાઈલ લે-વેચ કરનાર વેપારીઓ માટે જરૂરી રેકર્ડ નિભાવવા તથા ઓળખપત્ર વિના મોબાઈલ, સીમકાર્ડ, હેન્ડસેટ વિગેરે લેનાર / વેચનાર માટે જવાબદારી નક્કી કરવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. ગુન્હેગારો જુના મોબાઈલના આઈએમઈઆઈ નંબર સાથે ચેડા કરી ગુનાહીત ઉપયોગ કરતા હોવાનું જોવામાં આવે છે. તેમજ સીમકાર્ડ ડીલરો ગ્રાહકના બોગસ / અપુરતા ઓળખના આધારોથી સીમકાર્ડ વેચાણ કરે છે તથા એકટીવેટ કરાવે છે. જેને પરીણામે ગુનેગારો પોતાની ઓળખ છુપાવીને મોબાઈલ હેન્ડસેટ તથા સીમકાર્ડ મેળવે છે તથા આવા મોબાઈલથી ખંડણી, ધમકી, અપહરણ, સતામણી, દારૂ તથા જુગાર સંબંધી વિગેરે અનેક ગુન્હાઓ આસાનીથી આચરે છે. જે અંગે પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્ર નંબર એલઆઈબી/જાહેરનામાં/૧૨૯૩/૨૦૨૫, તારીખ ૦૨/૦૯/૨૦૨૫ પત્રથી આગામી ૧૮૦ દિવસ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવા જણાવેલ છે.

હું, ઋતુરાજ દેસાઈ, (G.A.S), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આણંદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ સમગ્ર આણંદ જિલ્લાના વિસ્તાર માટે આથી હુકમ કરૂં છું કે,

નવા-જુના મોબાઈલ/હેન્ડસેટ લે-વેચ કરનાર તથા સીમકાર્ડનું વેચાણ કરતાં વેપારીએ મોબાઈલ લેતાં પહેલાં મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનાર તથા વેચનારની ઓળખ અંગેની તમામ વિગતો ફરજિયાતપણે નોંધવાની રહેશે તથા તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ સહિતના અલગ અલગ રજિસ્ટર નિભાવવાના રહેશે.

(૧) નવા મોબાઈલ, હેન્ડસેટ વેચાણ કરનારે નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	ગ્રાહકનું નામ તથા સરનામું	હેન્ડસેટ કંપનીનું નામ તથા મોડલ	IMEI નંબર	ગ્રાહકની ID પ્રુફની વિગત	હેન્ડસેટ વેચાણ તારીખ સમય તથા ગ્રાહકની સહી

(૨) જુના મોબાઈલ, ખરીદ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	ગ્રાહકનું નામ તથા સરનામું	હેન્ડસેટ કંપનીનું નામ તથા મોડલ	IMEI નંબર	ગ્રાહકની ID પ્રુફની વિગત	મોબાઈલ ખરીદ તારીખ સમય તથા ગ્રાહકની સહી

(૩) જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	ગ્રાહકનું નામ તથા સરનામું	હેન્ડસેટ કંપનીનું નામ તથા મોડલ	IMEI નંબર	ગ્રાહકની ID પ્રુફની વિગત	મોબાઈલ વેચાણ તારીખ સમય તથા ગ્રાહકની સહી

(૪) સીમકાર્ડ વેચાણ કરનારે નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	ગ્રાહકનું નામ તથા સરનામું	સીમ નંબર તથા મોબાઈલ નંબર	સેલ્યુલર કંપનીનું નામ	ગ્રાહકની ID પ્રુફની વિગત	સીમકાર્ડ વેચાણ તારીખ સમય તથા ગ્રાહકની સહી

કોઈપણ વ્યક્તિઓ મોબાઈલ, સીમકાર્ડ, હેન્ડસેટ વિગેરે વગર ઓળખકાર્ડે અથવા કોઈપણ ઓળખપત્ર વગર વેચશે, ખરીદશે અથવા કોઈપણ રીતે અન્યને તબદીલ કરશે તો તે અંગે તેવા મોબાઈલ, સીમકાર્ડ, હેન્ડસેટ વિગેરે વેચનાર કે પ્રાપ્ત કરનારની જવાબદારી બનશે.

ઉક્ત રજિસ્ટરો સત્તાધિશ અધિકારી ચકાસણી અર્થે માગે ત્યારે તુર્તજ તથા અદ્યતન નિભાવેલ રજુ કરવાના રહેશે. સીમકાર્ડ વેચાણનું સ્ટોક રજિસ્ટર, વેચાણ રજિસ્ટર તથા ઓળખના આધારનો રેકોર્ડ ૧ વર્ષ સુધી જાળવણી કરાવવાની મુખ્ય જવાબદારી ડીસ્ટ્રીબ્યુટરની તથા ૧ માસ સુધી રીટેલરની રહેશે.

આ હુકમ તારીખ ૦૯/૦૯/૨૦૨૫ થી તારીખ ૦૮/૦૩/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૦૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

નંબર પીઓએલ/૨જાહેરનામા/એસઆર/૧૨૪/૨૦૨૫.–આણંદ જિલ્લામાં સાયકલો/થ્રી વ્હીલર/ટુ વ્હીલર/ ફોર વ્હીલર તથા વિદ્યુતથી ચાલતા વાહનોની લે-વેચ કરનાર વાહનો વેચનાર, બ્રોકરો/કમીશન એજન્ટો તેમજ ભાડે આપનાર વેપારીઓએ ગ્રાહક પાસેથી તેમજ ભાડે રાખનાર પાસેથી ઓળખના પુરતા પુરાવા લીધા વગર ખરીદ/વેચાણ કે ભાડે આપતા હોય છે. જેથી આતંકવાદી ભાંગફોડ કરતા તત્ત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવાના હેતુથી રજિસ્ટર ન કરેલ વાહનોનો ઉપયોગ કરતા હોય છે. જેથી મુળ માલિક સુધી પહોંચવું પોલીસ માટે ઘણું મુશ્કેલ બને છે. જેથી ઉપરોકત પ્રકારના વાહનો વેચનાર, લે-વેચ કરનાર, બ્રોકરો/કમીશન એજન્ટો તેમજ ભાડે આપનાર વેપારીઓએ ખરીદદાર ગ્રાહક પાસેથી તેમજ ભાડે રાખનાર ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા લીધા પછી વેચાણ કે ભાડે આપે તેમજ તે અંગે રજિસ્ટર રાખવા અંગે ૧૮૦ દિવસ માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના ૦૨/૦૯/૨૦૨૫ના પત્રથી દરખાસ્ત કરેલ છે.

હું, ઋતુરાજ દેસાઈ, (G.A.S), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આણંદને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરૂં છું કે, આણંદ જિલ્લાના વાહનો વેચનાર, લે-વેચ કરનાર, બ્રોકરો/કમીશન એજન્ટો તેમજ ભાડે આપનાર વેપારીઓએ ગ્રાહક પાસેથી તેમજ ભાડે રાખનાર પાસેથી ઓળખના પુરતા પુરાવા લીધા વગર ખરીદ/વેચાણ કે ભાડે ન આપવા તેમજ તે અંગે જરૂરી રજિસ્ટર રાખવાના રહેશે. આવા વેપારી/બ્રોકરો/કમીશન એજન્ટો ગ્રાહકનું વાહન લે વેચ માટે પોતાના કબજામાં સંભાળે ત્યારે તુર્તજ આ સાથે સામેલ નમૂના મુજબનું રજિસ્ટર ગમે તે સમયે અદ્યતન સ્થિતિમાં નિભાવેલ રાખવું તથા તમામ કોલમમાં વિગતવારની નોંધ કરી ગ્રાહકની તથા પોતાની સહી કરવાની રહેશે તથા પોલીસ અધિકારી ચેકીંગ દરમ્યાન તપાસમાં માગે ત્યારે રજુ કરવાની રહેશે.

વાહન લે-વેચ/ભાડે આપવા માટેના વહેપારી/બ્રોકરોના કબજામાં રહેલ વાહનો રાખવાની પર્યાપ્ત જગ્યા ઉક્ત રજિસ્ટરમાં દર્શાવવાની રહે છે તથા આવી જગ્યાની માલીકી/ભાડા કરારના દસ્તાવેજો રજિસ્ટર સાથે સામેલ રાખવાના રહે છે. તથા આવા તમામ વાહનો આવી નિશ્ચિત જગ્યામાં પાર્ક કરવાના રહે છે. તથા કબજામાં રાખેલ આવા વાહનો જાહેર/સરકારી/માલીકીની જગ્યામાં વ્યાપારી હેતુ માટે દુરૂપયોગ કરવાનો રહેશે નહી અન્યથા આ જાહેરનામાનો ભંગ ગણાશે.

વાહન લે-વેચ દરમ્યાન બ્રોકરો / એજન્ટોએ નિભાવવાનું રજિસ્ટર

વેપારી પેઢીનું / બ્રોકરનું નામ સરનામું :

ગ્રાહકના વાહનો રાખવાની જગ્યાનું સરનામું તથા વિસ્તાર (ચો. મીટર)

અ.નં.	ભાડે રાખનાર/લેનાર/ વેચનાર ગ્રાહકનું નામ, સરનામું તથા મોબાઈલ નંબર (મોબાઈલ નંબર ખાત્રી કરીને નોંધવો)		વાહનનો પ્રકાર વર્ણન રજિસ્ટ્રેશન નંબર	વાહનનો એન્જીન ચેસીસ નંબર	વેપારી/એજન્ટે વાહનનો કબજો સંભાળ્યા તારીખ સમય/ગ્રાહકે વાહન ભાડે રાખ્યા તારીખ સમય	લે વેચ/સોદાના અંતે વેપારી/એજન્ટોએ વાહનનો કબજો ગ્રાહકને પરત સોંપ્યા તારીખ સમય/ગ્રાહકે ભાડા પરથી વાહન પરત સોંપ્યા તારીખ સમય	ભાડે રાખનાર/ લેનાર/ વેચનાર ગ્રાહકની સહી	વેપારી/ બ્રોકર/ કમીશન એજન્ટની સહી
૧	લેનાર							
	વેચનાર							

આ હુકમ તારીખ આજ ૦૯/૦૯/૨૦૨૫ થી તારીખ ૦૮/૦૩/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.
આજ તા.૦૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનો.

નંબરપીઓએલ/૨/જાહેરનામા/એસઆર/૧૨૫/૨૦૨૫.–આણંદ જિલ્લામાં આવેલ જાહેર અને ખાનગી હોટલ, ગેસ્ટ હાઉસ, લોજ, ધર્મશાળાઓ વિગેરેમાં મુલાકાતી, મહેમાનો, યાત્રાળુઓ આવતા હોય છે અને રોકાણ કરતા હોય છે. આવા ઈસમો પૈકી કેટલાક આતંકવાદી ભાંગફોડીયા પ્રવૃત્તિ કરી આતંક ફેલાવતા સક્રિય થાય છે અને લોકોમાં ભય અને આતંકની લાગણી ફેલાવી રાષ્ટ્ર વિરોધી તત્વો સરળતાથી ચોક્કસ જગ્યાઓએ રોકાઈ પોતાને ઉપયોગી માહિતી, હકીકતો, દસ્તાવેજો, ફોટોગ્રાફ એકઠાં કરી સ્થાનિક સંપર્કો શોધી જતા રહે છે અને તેઓના રેકર્ડ અંગે કોઈ માહિતી ઉપલબ્ધ થતી નથી અને તેઓના રેકર્ડ રજિસ્ટરોમાં નોંધવામાં આવતા નથી. જેથી, આવા તત્વોની ઓળખ થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુસર જાહેર-ખાનગી હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ એન્ડ બોર્ડીંગમાં આવનાર વ્યક્તિઓ અંગે રેકર્ડની નિયમિત રીતે નોંધણી થાય તે અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી છે. પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૦૯/૦૯/૨૦૨૫ના પત્રથી ૧૮૦ દિવસ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા જણાવેલ છે.

જેથી, હું, ઋતુરાજ દેસાઇ, (G.A.S), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આણંદને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરૂં છું કે, ઉપરોકત ફકરામાં જણાવ્યા મુજબના તત્વોની ઓળખ થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુસર તમામ જાહેર-ખાનગી હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ એન્ડ બોર્ડીંગમાં રોકાણ કરનાર વ્યક્તિઓ અંગે સંચાલકશ્રીઓએ રેકર્ડની નિયમિત રીતે નોંધણી કરવાની રહેશે.

આ હુકમ તારીખ ૦૯/૦૯/૨૦૨૫ થી તારીખ ૦૮/૦૩/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.
આજ તા.૦૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસઆર/૧૨૬/૨૦૨૫.–આગામી તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ ઘ ખેડા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લીમીટેડની, આણંદ અમુલ ડેરી ખાતે ચુંટણીની મત ગણતરી થનાર હોય, તે દરમ્યાન મોટી સંખ્યામાં મતદારો વાહનો લઈને મતદાન માટે આવનાર હોય, જેથી ચુંટણી દરમ્યાન ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે માટે નીચે જણાવેલ રસ્તા ઉપર * ડાયવર્ઝન કરવુ જરૂરી હોય, જેથી રોડ બધ કરતા ટ્રાફિક

જામની સમસ્યા થવાની પુરેપુરી સંભાવના હોય, તે માટે તા.૧૦/૦૯/૨૦૨૫ ના રોજ ઘ ખેડા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લીમીટેડની, આણંદ અમુલ ડેરી ખાતે ચુંટણી દરમ્યાન સ.ક.૦૭:૦૦ થી સા.ક.૧૭:૦૦ સુધી રોડ ડાયવર્ઝન અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૦૯/૦૯/૨૦૨૫ના પત્ર નં.એલઆઈબી/ચુંટણી/રોડ ડાયવર્ઝન/૧૩૪૮/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રૂટ ઉપર તા.૧૨/૦૯/૨૦૨૫ - ના રોજ સ.ક.૦૭:૦૦ થી સાં.ક.૧૭:૦૦ સુધી વાહનોને ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

વૈકલ્પીક માર્ગો:

૧. ગણેશ ચોકડીથી રેલ્વે ફાટક થઈ અમુલ ડેરી થઈ ગુરૂદ્વારા સર્કલ થઈ રેલ્વે સ્ટેશન તરફ જતા વાહનો બોરસદ ચોકડી ઉમાભવન થઈ ઓવરબ્રીજ ઉપર થઈ મહારાણા પ્રતાપ સર્કલ થઈ વ્યાયામ શાળા, શાસ્ત્રી મેદાન, ગુરૂદ્વારા સર્કલ, શાક માર્કેટ થઈ રેલ્વે સ્ટેશન તરફ જઈ શકશે.

૨. આણંદ રેલ્વે સ્ટેશનથી અમુલ ડેરી થઈ ગણેશ ચોકડી, તરફ જતા વાહનો શાક માર્કેટ, ગુરૂદ્વારા સર્કલ થઈ શાસ્ત્રી મેદાન, વ્યાયામ શાળા, મહારાણા પ્રતાપ સર્કલ થઈ બોરસદ ચોકડી થઈ ગણેશ ચોકડી તરફ જઈ શકશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા ચીફ ઓફિસરશ્રી, બોરીયાવી નગરપાલિકા ધ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૦૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનો.

નંબર પીઓએલ/૨/ જાહેરનામા/એસઆર/૧૨૭/૨૦૨૫.—આગામી તા. ૧૨/૦૯/૨૦૨૫ રોજ ઘી ખેડા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લીમીટેડની, આણંદ અમુલ ડેરી ખાતે ચુંટણીની મતગણતરી થનાર હોય, તે દરમ્યાન મોટી સંખ્યામાં લોકો ઉમેદવારો સાથે આવતા હોય છે. જેથી અમુલ ડેરીના ગેટ પાસે લોકોના ટોળાઓ એકઠા ન થાય, અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે, જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે હેતુસર પ્રવેશ પ્રતિબંધ ફરમાવવા જરૂરી હોય. જેથી અમુલ ડેરી કેમ્પસથી ૨૦૦ મીટર ત્રિજયામાં ચુંટણીના ઉમેદવારો એજન્ટો અને મત ગણતરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિનઅધિકૃત વ્યકિતનો પ્રતિબંધ ફરમાવવો જરૂરી હોય. જેથી તા.૧૨/૦૯/૨૦૨૫ના રોજ ઘી ખેડા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લીમીટેડની, આણંદ અમુલ ડેરી સરદાર પટેલ સભાગૃહ, અમુલ ડેરી કેમ્પસ ખાતે ચુંટણીની મત ગણતરી દરમ્યાન સ.ક.૦૬:૦૦ થી સાં.ક.૧૭:૦૦ સુધી અમલમાં રહે તે સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૧૧/૦૯/૨૦૨૫ ના પત્ર નં.એલઆઈબી/અમુલડેરી ચુંટણી/૨૦૦ મીટર ત્રિજયા/૧૩૫૭/૨૦૨૫થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સહીંતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ સવારના ૦૬:૦૦ થી સાંજના ૧૭:૦૦ કલાક દરમ્યાન ઉપર મુજબના સ્થળે નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધ :-

ઘી ખેડા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લીમીટેડની, આણંદ અમુલ ડેરીના ગેટની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં મત ગણતરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ઘી ખેડા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લીમીટેડની, આણંદ અમુલ ડેરીના ગેટની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્રિત થવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ :-

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને ચુંટણી મતગણતરી કામગીરીમાં જોડાયેલ કર્મચારીઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

આ હુકમ આણંદ જિલ્લામાં ઘી ખેડા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લીમીટેડની, આણંદ અમુલ ડેરી, મતગણતરી સ્થળ ઉપર લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૧૧/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:18:33 IST